# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધોઃ** આ યુનિ.ના જાહેરનામાં જા.નં.આકૃયુ/રજિ/સંકલન/૯૫૪૬/૨૦૧૬ તા.૨૧/૧૦/૨૦૧૬

**પરિપત્ર**

**દિવાળીની રજાઓ જાહેર કરવા બાબત...**

આથી તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, તાઃ૧૨/૧૧/૨૦૨૩-રવિવાર (દિવાળી) અને તા.૧૪/૧૧/૨૦૨૩-મંગળવાર (નૂતનવર્ષ)ની રજાઓ સરકારશ્રીએ જાહેર કરેલ છે.

યુનિવર્સિટીના અધિકારીઓ/કર્મચારીઓ દિવાળીના તહેવારો વતનમાં જઇ આનંદ ઉલ્લાસથી ઉજવી શકે તેવા શુભ આશયથી ઉકત વંચાણે લીધેલ જાહેરનામાના અનુસંધાને દિવાળીની રજાઓ સાથે જોડાણ કરી તા.૧૩/૧૧/૨૦૨૩-સોમવાર તેમજ તા.૧૬/૧૧/૨૩-ગુરૂવારના રોજ વધારાની રજાઓ યુનિવર્સિટીમાં આથી જાહેર કરવામાં આવે છે.

આ રજાની અવેજીમાં તા.૨૫/૧૧/૨૦૨૩(ચોથો શનિવાર) અને તા.૯/૧૨/૨૦૨૩(બીજો શનિવાર)ના રોજ યુનિવર્સિટીની તમામ કચેરીઓ ચાલુ રાખવાની રહેશે.

દિવાળીની રજાઓના અનુસંધાને જો રાજય સરકાર દ્વારા તા.૧૩/૧૧/૨૦૨૩-સોમવાર તેમજ તા.૧૬/૧૧/૨૩-ગુરૂવારની રજાના બદલામાં કોઇ પણ એક રજા જાહેર કરવામાં આવે તો તા.૨૫/૧૧/૨૦૨૩ (ચોથો શનિવાર)ના રોજ રજા ગણવાની રહેશે અને તા.૯/૧૨/૨૦૨૩(બીજો શનિવાર)ના રોજ યુનિવર્સિટીની તમામ કચેરીઓ ચાલુ રાખવાની રહેશે.

ઉપરોકત રજાઓ દરમ્યાન યુનિવર્સિટીની આવશ્યક સેવાઓ તેમજ ફાર્મને લગતી કામગીરીને કોઇ અસર ન થાય, તે માટે યુનિટ/કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની વ્યવસ્થા જે તે કચેરી વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

**નં.આકૃયુ/રજિ/સંકલન/૭૨૭૯ /૨૦૨૩** — **કુલસચિવ**

**તા. ૧૭/૧૦/૨૦૨૩**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ.,આણંદ તરફ જાણ સારૂ.

(૨) સેકશન અધિકારીશ્રી,(કૃષિ યુનિ.)કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૩) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

(૪) બ્રાન્ચ મેનેજરશ્રી, સેન્ટ્રલ બેક ઓફ ઇન્ડીયા/પોસ્ટ માસ્તરશ્રી, ઇન્સ્ટીટયુટ ઓફ એગ્રી. આ.કૃ.યુ., ખેતીવાડી

(૫) સીકયુરીટી ઓફીસરશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

**નકલ રવાનાઃ**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, આ.કૃ.યુ.આણંદ

(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.

E:\Coordination-2023\Circular .docx